# વિનેશ અંતાણી કૃત 'પ્રિયજન' (ગુજરાતી) અને વિશ્વનાથ સત્યનારાયણ કૃત 'એકવીરા' (તેલુગુ) નવલકથામાં દામ્પત્યજીવન: એક વિષયવસ્તુ તરીકે

ડૉ. મુકેશ આર. વસાવા
તુલનાત્મક સાહિત્ય વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૂરત

વર્તમાન સાહિત્ય વિશ્વમાં 'ભારતીય સાહિત્ય'ની વિભાવના અસ્તિત્વમાં આવતી જાય છે. આથી પ્રથમ પ્રશ્ન તો એ થાય કે 'ભારતીય સાહિત્ય' એટલે શુ? 'ભારતીય સાહિત્ય'નો અર્થ આપતા ડૉ. ઈન્દ્રનાથ ચૌધુરી જણાવે છે કે: 'ભારતીય સાહિત્ય એમ કહેતા આજે ત્રણ અર્થ નીકળી શકે છે,

(૧) ભારતીય સાહિત્યનો અર્થ છે સંસ્કૃત સાહિત્ય,

(૨) ભારતીયો દ્વારા અંગ્રેજી ભાષામાં લખાયેલું સાહિત્ય અને

(૩) વિભિન્ન પ્રાંતીય ભાષાઓ-હિન્દી, બંગાળી, મરાઠી, ગુજરાતી, તમિળ આદિમાં લખાયેલું સાહિત્ય.

વાસ્તવમાં સંસ્કૃત સાહિત્ય અને વિવિધ ભારતીય ભાષાઓમાં સર્જાયેલા સાહિત્યને આધારે જ ભારતીય સાહિત્યના વાસ્તવિક સ્વરૂપનો ખ્યાલ આવી શકે.' ભારતીય ઉપખંડની માન્ય 24 ભાષાઓમાં રચાતા સાહિત્યને 'ભારતીય સાહિત્ય'માં સમાવી શકાય. આ 24 ભાષાઓને બે વિભાગોમાં વર્ગીકૃત કરી શકાય. આર્યકૂળની ભાષાઓ અને દ્વવિડીયનકૂળની ભાષાઓ. આર્યકૂળની ભાષાઓમાંથી ગુજરાતી ભાષાની વિનેશ અંતાણી કૃત 'પ્રિયજન' નવલકથા અને દ્વવિડીયનકૂળની તેલુગુ ભાષાની વિશ્વનાથ સત્યનારાયણ રચિત 'એકવીરા' નવલકથામાં નિરૂપાયેલાં દામ્પત્યજીવનનો એક વિષયવસ્તુલક્ષી અભ્યાસ આપણે કરીશું. 'એકવીરા' નવલકથાનો ગુજરાતી અનુવાદ નવનીત મદ્રાસી ૧૯૯૪માં આપે છે.

સાહિત્ય સર્જકના આલેખનના વિષયો છે જીવ, જગત અને ઈશ્વર. તેમજ એના માનીતા વિષયોમાં ત્રણ 'પ' તો છે જે: પ્રણય, પ્રકૃતિ અને પ્રભુભકિત. સંસારમાં અસ્તિત્વ ધરાવતા સ્ત્રીપુરૂષ સંબંધો પણ હંમેશા સાહિત્ય સર્જકને આકર્ષતા રહ્યા છે. સ્થળ, કાળ, પેઢીઓ, જમાનો જરૂર બદલાતા રહે છે પણ સ્ત્રી-પુરૂષ વચ્ચેના આકર્ષણો બદલાતા નથી. સામાજિક વ્યવસ્થાઓના માળખાઓ વચ્ચેનાં ઘર્ષણો સતત થતાં જ રહ્યાં છે એમાં ભાગ્યે જ કોઈ ફેર પડયો છે. મોટાભાગની પ્રેમકથાઓનો અંત કરુણ આવે છે અને એને કારણે લગ્નજીવનમાં પણ કરુણતા સર્જાય છે. કારણ પ્રેમ એ નૈસર્ગિક આકર્ષણ છે અને લગ્ન એ સામાજિક વ્યવસ્થા છે. ભારતભરના સાહિત્યમાં કોઈપણ પ્રેમકથાઓ જેવી કે 'ચેમ્મીન', 'મળેલાજીવ', 'માનવીની ભવાઈ', 'સજા', 'આંસુ ભીનો ઉજાસ', 'ઘરે-બાહિરે' કે 'નિર્સગ' જેવી નવલકથાઓમાં પડેલું આ એક સર્વસામાન્ય (હાડપિંજર) તત્વ છે, જેમાં પછી લેખકો પ્રાણ પૂરીને કથા-વાર્તા સર્જે.

ભારતીય નવલકથામાં જ્ઞાનપીઠ પુરસ્કારને કારણે જાણીતા થયેલાં કવિ-નવલકથાકાર વિશ્વનાથ સત્યનારાયણ તેલુગુ સાહિત્યકાર છે. એમની નવલકથા 'એકવીરા' પણ આવી જ કોઈક પ્રેમકથા રજૂ કરે છે. જયારે બીજી કૃતિ છે ગુજરાતી લેખક શ્રી વિનેશ અંતાણીની 'પ્રિયજન'. જે પ્રેમના વિવિધ આયામોને પ્રગટ કરતી, પ્રેમનાં ઊંડાણનો સ્પર્શ કરતી, સરળ-ગહન ભાવોનું દર્શન કરાવતી નવલકથા છે.

'પ્રિયજન'નો વિષય કંઈ નવો નથી. જીવનની સંધ્યાએ ઊભેલાં બે પ્રેમીઓ નિકેત અને ચારુ પોતપોતાના અલગ વિશ્વમાં જીવન પસાર કરી ફરી પાછા જે ગામમાં યૌવનકાળ પસાર કરેલો તે ગામમાં અનાયાસ મળી જાય છે અને સાથે રહીને પોતપોતાના ભૂતકાળના જીવનથી એકબીજાને જાણે કે વાકેફ કરે છે. નવલકથા વર્તમાનમાં ચાલે છે તેના કરતા વધુ ભૂતકાળમાં ચાલે છે. એટલે વાસ્તવમાં ચારુ અને નિકેતના ભૂતકાળને આલેખતી આ નવલકથા છે. વર્તમાનની કોઈ ને કોઈ પરિસ્થિતિ બંને પાત્રોને એમના ભૂતકાળમાં ખેંચે છે અને કાળક્રમમાં બનતી ઘટનાઓની પાછળ પાત્રોનો ભૂતકાળ પ્રત્યક્ષ થતો આવે છે. એકબીજાને પ્રેમ કરતા, એકબીજા પ્રત્યે આકર્ષાયેલાં નિકેત અને ચારુ એકમેકની સાથે લગ્નસંબંધથી જોડાયા વગર છૂટાં પડી ગયાં પણ કેમ છૂટા પડી ગયા તેનું કારણ લેખકે આપ્યું નથી. નવલકથાની મહત્વની વાત તો એ છે કે નિકેત અને ચારુ એકમેકથી છૂટાં પડી પોતાના અલગ વિશ્વમાં પ્રવેશે છે ત્યારે એકમેકની સ્મૃતિના, પ્રિયતમા સાથેના સંબંધોનાં તાંતણાઓના અને હૃદયમાં પડેલાં પ્રથમ પ્રેમના અવશેષના બોજને સાથે લઈને પ્રવેશે છે. કદાચ આ સ્મૃતિનો બોજ, પ્રથમ પ્રેમનાં અવશેષોનો બોજ બંનેનાં દામ્પત્યજીવનને છિન્નભિન્ન કરી નાખત, પરંતુ આકસ્મિક રીતે જ બંનેનાં જીવનમાં યોગ્ય વ્યકિતઓ આવી. દિવાકર પોતાના ભરપૂર પ્રેમથી ચારુના જીવન પર છવાઈ જાય છે અને ઉમા નિકેતના જીવનને પોતાના પ્રેમથી ભરી દે છે. એટલે જયારે એવો પોતાની જીવનસંધ્યાએ વર્ષો પછી મળે છે ત્યારે અસંતૃષ્ટ નથી, કોઈ દુ:ખી નથી. દામ્પત્યજીવનમાં અપેક્ષિત બધા સુખો ભોગવી તૃપ્તિનો અનુભવ બંનેએ કર્યો છે. અલબત્ત સુખી અને પ્રસન્ન દામ્પત્યજીવન દરમિયાન પણ બંને એકમેકને સાવ વિસાર્યાં નથી, પોતાના હૃદયના કોઈક ખૂણામાં એકમેકની સ્મૃતિ સાચવીને જીવ્યાં, વર્ષો પસાર કર્યા અને ઘણે વર્ષે બંને પાછા મળ્યાં ત્યારે આનંદનો રોમાંચ અનુભવે છે. એકબીજાનાં સુખી લગ્નજીવન, કુટુંબજીવનથી પરિચિત થઈ બંને પાત્રો આનંદ અનુભવે છે. પરંતુ બંને સતત રીતે જાણવા આતુર છે કે પોતાના સુખી, સમૃદ્ધ અને ભર્યાભાદર્યા દામ્પત્યજીવનમાં પણ બંનેએ કયાંક અધૂરપ, એકલતા, અકાળમણ, ખાલીપો કે કયાંક ખટકો અનુભવ્યો છે?

આ બંને પાત્રો ચારુ અને નિકેત વર્તમાનમાં પોતપોતાના સુખી દામ્પત્યજીવનના ભૂતકાળને જીવવા મથે છે. 'ન હન્યતે' નવલકથામાં મીર્ચા-અમૃતા વચ્ચેનાં પ્રણયસંબંધમાં હૃદયનો ઊંડો આવેગ છે અને એ ઉત્કટ પ્રેમનો કરુણ અંત અમૃતાના હૃદય તંતુઓને છિન્નભિન્ન કરી નાખે છે. આવો જ પ્રેમનો આવેગ પન્નાલાલ પટેલ રચિત ગુજરાતી નવલકથા 'મળેલા જીવ'માં પણ છે. જે જીવીના હૃદય તંતુઓને છિન્નભિન્ન કરી નાખે તો છે જ પણ સાથે સાથે માનસિક સ્વાસ્થ્ય પણ ડામાડોળ કરી નાખે છે. તો બીજી બાજુ આવો પ્રેમનો આવેગ 'એકવીરા'માં પણ છે જે કુટ્ટન-એકવીરા અને વીરભૂપતિ-મીનાક્ષીના દામ્પત્યજીવનને છિન્નભિન્ન કરી નાખે છે. જયારે 'પ્રિયજન'માં નિકેત-ચારુના પ્રણયસંબંધમાં આવો લોહીનો (પ્રેમનો) આવેગ નથી, એટલે લગ્નસંબંધથી ન જોડાઈ શકયાં એનાથી બંને પાત્રો ઝાઝાં ખળભળી ઊઠયાં નથી. કે નથી તો એમનાં દામ્પત્યજીવનમાં એની કઈ અસર થઈ. પાછાં મળે છે ત્યારે પણ બંને ખૂબ સ્વસ્થતાથી આખી પરિસ્થિતિને જાણે-માણે અને ચિંતવે છે. આ બંને કૃતિના ભાવનથી એટલું તો જરૂર જણાયું કે લગ્નજીવનની સાચી સમજ જ કદાચ ૫૦ વર્ષ પછી આવતી હોય એમ આલે છે.

બંનેનાં જીવનમાં વચ્ચેના વર્ષોનો એક અજાણ્યો સમય વહ્યો છે. એ અજાણ્યા સમયમાં બે પાત્રો તરતાં દેખાય છે--- નિકેતની પત્ની ઉમા ને ચારુનો પતિ દિવાકર. આ બંને પાત્રો કૃતિમાં પ્રત્યક્ષ હાજર નથી પણ નિકેત અને ચારુના મન પર અને હૃદય પર તેમનો જે અદૃશ્ય કબજો છે તેના લીધે વાચક સામે પ્રત્યક્ષ થાય છે. આ બંને પાત્રોએ પોતપોતાનાં પ્રિયજનોને ભરપૂર જીવન-પ્રેમ આપ્યો છે. છતાં નિકેત અને ચારુનો એકબીજા વિનાનો સૂક્ષ્મ અવકાશ પૂરી શકાયો નથી. જીવનની આ ઝીણી વેદના બંનેના જીવનપટ પર ફેલાયેલી રહી છે.

દર્શના ધોળકિયા કહે છે તેમ 'દિવાકર ને ઉમાની બાથ બહુ મોટી છે' કારણ પોતપોતાના પ્રિયજનોને તેમની ઉદાસીન ક્ષણોની સાથે બંનેએ સ્વીકારી લીધાં છે. આ ઉદાસીન ક્ષણોનાં બંને સાક્ષી હોવા છતાં ખબર હોવાનો ભાવ તેઓ કળવા દેતા નથી. ઉમા-નિકેતનાં દામ્પત્યજીવનનું ઉદાહરણ જોઈએ તો: કાશ્મીરનાં પ્રવાસે ગયેલો નિકેત શિકારામાં બેઠાં બેઠાં ભરપૂર સુખ અનુભવે છે અને બરાબર ત્યારે જ ચારુનો ચહેરો તરવરી ઊઠે છે. પરિણામે વિહ્વળતાનો ઓછાયો તેના ચહેરા પર ફરી વળે છે. આ જોઈ ઉમા કહે છે: 'તમારા ચહેરા પર આવડો મોટો સળ પડે ને હું ન ઓળખું? તમારા તરફ મારી પીઠ હોય તોપણ મને ખબર પડે. જયારે આ તો તમારો ચહેરો મારી સામે છે.'

ઉમા, પોતાના દામ્પત્યજીવનમાં નિકેતના પડછાયાની જેમ જીવે છે, નિકેતનાં હૃદયમાં કોઈનો આકાર તેણે જોયો છે. નિવૃત્ત થયેલો નિકેત ફરીથી એકવાર ભરપૂર ક્ષણોની વચ્ચે ચારુને સંવેદે છે. ત્યારે પાન બનાવતી ઉમાના હાથ તેના ખભાને સ્પર્શે છે. નિકેત એને કોઈ સંદર્ભ વિના પ્રશ્ન કરે છે: 'આવુ કેમ બનતું હશે?' ત્યારે માત્ર અનુભવથી જ સમજેલી ઉમા કહે છે: 'સમજી શકાય એવું છે. આ બધાંની ઉપર તમારી અંદર બીજો પણ એક સમયખંડ જીવતો હોય તો' ઉમા આગળ કહે છે: 'એનું નામ આજે તો મને કહો... જયારે તમારો પંચાવન વર્ષનો પ્રવાસ પૂરો થયો હોય. પૌત્ર સાઈકલ ફેરવતો હોય, પત્ની પાન બનાવતી હોય ત્યારે પણ તમારી પાઈપ ઉપર જલતો વર્તમાન થોડી ક્ષણો માટે ઠરી જાય... ને છતાં તમે પ્રામાણિક ન બનો? હવે આપણા જીવનમાં તરડ નહીં પડે. સંબંધોની ઉપર ઘણું જીવી લીધું આપણે. હું તમારી ક્ષણેક્ષણને ઓળખું એવું અભિમાન રાખું તે છતાંય તમારી અંદર લાંબા પટ જેવા વિસ્તરેલા એક સમયખંડ વિશે કશું જ જાણતી ન હોઉં એ મારી કેવડી મોટી નિષ્ફળતા કહેવાય? તમે એવું ઈચ્છો છો કે હું તમારા વિશે અધૂરી રહું?' આવું નિખાલસતાથી ભરપૂર દામ્પત્યજીવન ઉમા-નિકેત માળે છે.

બીજી તરફ દિવાકર-ચારુનું દામ્પત્યજીવન પણ ભર્યુભાદર્યુ છે. જીવનસંધ્યાએ દિવાકર ચારુને પૂછી બેસે છે: 'કયારેક કયારેક મને એવું લાગે છે કે તું મારી બાજુમાં જીવતી હોય છે છતાં જોજનો દૂર હોય છે... હું માત્ર જાણવા માગું છું. હું તને કશુંક ઓછું આપતો હોઉં એવું લાગે છે... તારા મનનો એક ખૂણો રણ જેવો બળબળતો જીવે છે ને તારા મનનો એ પ્રદેશ હું શોધી શકયો નથી... હું તો આખી ચારુને મારા હોવાપણાથી ઢાંકી દેવા માંગુ છું.' જવાબમાં ચારુ કહે છે: 'તો ઢાંકી જ છે.' ત્યારે દિવાકર પૂછે છે: 'તો પછી?'

'તો પછી?' પૂછતો દિવાકર અને 'એનું નામ શું છે?' પૂછતી ઉમાં બંને અનુક્રમે પોતપોતાનાં પત્ની-પતિને પૂર્ણ પણે પામવાની-મેળવવાની કોશિષ કરતા પાત્રો સાચા પ્રિયજન બની રહે છે. 'મારા હોવાપણાથી ઢાંકી દેવા' માગતો દિવાકર અને 'હું તમારી વિશે અધૂરી રહું?' પૂછતી ઉમાં પોતાના દામ્પત્યજીવનને સુખમય ન બનાવે તો જ નવાઈ લાગે. એવો અનુક્રમે પોતાની પત્ની-પતિને પૂર્ણ પણે પામવા માગે છે. પોતાના પક્ષે પ્રેમ આપવામા કશી અધુરપ-ઊણપ તો નથી ને

એની પણ એવો ચિંતા-કાળજી કરે છે. નવલકથામાં કોણ કોનું પ્રિયજન બની રહે એ ભાવકનો પ્રશ્ન બની રહે છે. બધાં પાત્રો પરસ્પર એવાં ઓગળી જાય છે ને ચારે જણ ખરા અર્થમાં બને છે 'પ્રિયજન.' નવલકથાનાં અંતે નિકેત જાય છે ત્યારે ચારુ કહે છે: 'દિવાકર બીજીવાર મૃત્યુ પામતા હોય એવું લાગે છે.' ને વિદાય લેતો નિકેત ઉમા પાસે પહોંચવા ઉતાવળો બને છે. નવલકથાનાં બંને પાત્રો વર્તમાનની સાથે સાથે ભૂતકાળને પણ એટલો જ જીવે છે અને એટલે જ વાચક બંને પાત્રો પરત્વે અહોભાવ અને અનુકંપા બંને અનુભવે છે.

વિશ્વનાથ સત્યનારાયણની ૧૯૨૭માં પ્રકાશિત થયેલ 'એકવીરા' નવલકથાનો ગુજરાતી અનુવાદ ૧૯૯૪માં નવનીત મદ્રાસી આપે છે. આ નવલકથાનું ફિલ્મીકરણ પણ થયું છે. આ નવલકથામાં લેખકના જ શબ્દોમાં 'સેલામ મૈરિનરનો વસ્તુ-વિન્યાસ, કાલિદાસ અને ભવભૂતિનું કથાશિલ્પ, રવીન્દ્રનાથની 'નૌકા ડૂબી'માં અભિવ્યંજિત અવ્યભિચારી પ્રેમ અને સ્વકીય રચનાશકિતનો વિનિયોગ થયો છે.' 'એકવીરા' ઐતિહાસિક નવલકથા છે. તે કલાત્મકની સાથે સાથે પ્રભાવોત્પાદક પણ રહી છે. પોર્ટુગલોનાં આગમન સમયનું દક્ષિણ ભારતનું વાતાવરણ એમાં બરાબર ઊતર્યું છે. આ નવલકથાનું કથાવસ્તુ તમિળ પ્રદેશના પરિપાક સમાન છે. એ પ્રદેશના તત્કાલીન શાસકો આંધ્રો હતાં, આથી તેની કથા આંધ્રના ઇતિહાસના એક પૃષ્ઠને અભિવ્યકત કરે છે. જે સમયની આ કથા છે તે સમયે મદુરૈમાં નાયક રાજાઓનું શાસન હતું. આ નાયક રાજાઓ આંધ્રના હોવા છતાં પણ તમિળ સંસ્કૃતિને અંગીકાર કરી તેની શ્રીસમૃદ્ધિ માટે તત્પર રહ્યા. આમ, આ નવલકથા આંધ્રોના મહિમા ગાનને સ્પષ્ટ કરે છે. મદુરાના નાયક રાજાઓનાં સમયમાં જયારે વિદેશી વેપારીઓના અત્યાચારોથી ભારત દેશ આક્રાંત હતો ને ઈસાઈ ધર્મના પ્રચારથી સનાતન ધર્મ આતંકિત હતો ત્યારે જે અરાજકતા ફેલાઈ હતી તે કથા અહીં આલેખવામાં આવી છે, પણ નવલકથાનું આ તો માત્ર કથા-માળખું છે. વસ્તુ તો માનસિક અંતર્દ્વંદ્વથી વિકસિત પ્રેમભાવના છે. આત્મધર્મ અને લોકધર્મ વચ્ચેનો સંઘર્ષ, સ્પર્શ સિદ્ધાંતની વિલક્ષણ પરિભાષા, કથન, વર્ણન, પાત્રાલેખન, મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ--- આ બધાને કારણે એમની આ પ્રથમ નલવકથાએ, એ સમયની તેલુગુ ઐતિહાસિક નવલકથાઓને એક નવો વળાંક આપ્યો.

દક્ષિણમાં વેંગૈ નદી મદુરા નગરની એક બાજુ ખાઈનું કામ કરે છે અને ત્રણ બાજુ એને કિલ્લાની ઊંચી દિવાલો છે. વેંગૈ નદીને કાંઠે બે મિત્રો મળ્યા છે. એકનું નામ છે કુટ્ટન અને બીજાનું નામ છે વીરભૂપતિ. કુટ્ટન મદુરાના નાયક રાજાઓના મુખ્ય સેનાપતિ અને સેતુઓના સ્થપતિ ઉદયનનો પુત્ર છે જયારે વીરભૂપતિ રાજવલ્લિપુરનો નિવાસી છે. એના માતાપિતા ગરીબ છે. બંને મિત્રો મદુરામાં પ્રશિક્ષણ લઈ રહ્યા છે. બંને સહપાઠી આત્મીય મિત્રો છે. કુટ્ટટ વીરભૂપતિ આગળ પોતાની વ્યથા લગ્ન પહેલાની પ્રેમકથા રજૂ કરે છે. પરણતાં પહેલાં એ મીનાક્ષી નામની સુંદરીના પરિચયમાં આવેલો અને એના પ્રેમમાં પડે છે. પિતાની મરજી વિરુદ્ધ ન જઈને કુટ્ટન પરણી જાય છે. પણ હવે એ મીનાક્ષીને ભૂલી શકતો નથી. એના હૃદયમાં મીનાક્ષી સ્થાન જમાવીને બેઠી છે તેના સ્થાને પોતાની પત્નીને સ્થાપી શકતો નથી. એનું એ દુ:ખ મિત્ર વીરભૂપતિ આગળ પ્રગટ કરે છે. બીજી બાજુ વીરભૂપતિ પણ મિત્ર કુટ્ટન આગળ કબૂલ કરે છે કે પોતે ખેડૂત પરિવારનો છે પણ અત્યંત આકર્ષક હોવાથી ગામની બહારના કોઈ મહેલના ગોખમાં દેખાયેલી સુંદરીને મન આપી બેઠો છે. એ યુવતી કોણ હતી અને કેવી રીતે મળી શકાય એની એને કાંઈ ખબર પડતી નથી. માતાપિતા રાજકન્યાના મોહમાં કોઈ જોખમ ન ઊભું થાય માટે વીરભૂપતિ પાસેથી વચન લે છે અને વીરભૂપતિનો પ્રેમ સવારનાં વધતા તડકામાં વરળ થઈ ઊડી જતા ઝાંખળ જેવો અલ્પજીવી બની રહે છે.

બંને મિત્રો એ જે યુવતીઓને પ્રેમ કર્યો તેમની સાથે તેમનાં લગ્ન થઈ શકયા નહિ. કુટ્ટને મીનાક્ષી નામની સામાન્ય પરિવારની કન્યાને પ્રેમ કર્યો; પરંતુ તેનાં લગ્ન એકવીરા નામની જમીનદારની પુત્રી સાથે થયાં. વીરભૂપતિને એકવીરા

પ્રત્યે પ્રેમ હતો; પરંતુ તેનાં લગ્ન મીનાક્ષી સાથે થયાં. આશ્ચર્ય એ વાતનું છે કે બંને મિત્રોને લગ્નપૂર્વેના આ પ્રેમનાં રહસ્યોની અંત સુધી જાણ થઈ નહિ. આ રહસ્યને ઘૂંટતી કથા વાચક હૃદયને રસસભર બનાવે છે.

પ્રથમ દર્શને જ યુવકયુવતીમાં પ્રેમાંકુર ફૂટવા સ્વાભાવિક છે. પરંતુ વિધિના વક્રતાને લીધે જો લગ્ન વિપરિત બની જાય તો પણ લગ્નનું પાલન કરવું ભારતીય દ્રષ્ટિએ ધર્મ છે --- ભલે ને પતિ-પત્ની બંનેને આથી માનસિક ક્લેશ પણ કેમ ન સહન કરવો પડે. નવલકથામાં કુટ્ટન પત્ની એકવીરા આગળ એકરાર કરે છે છે કે 'મારા મનમાં તારા પ્રત્યે કોઈ ઊંડી લાગણી નથી. આપણે આ જન્મમાં પતિપત્ની બની ગયાં છીએ. બાકી મીનાક્ષી નામની એક ગરીબ કન્યાએ અને મેં પરસ્પરને પ્રેમ કર્યો છે...' બીજી બાજુ મીનાક્ષી સાથે લગ્નસંબંધે જોડાયેલ વીરભૂપતિ પણ મીનાક્ષી સામે સ્પષ્ટ કરે છે કે: 'એણે કોઈ અન્ય યુવતીને પ્રેમ કર્યો છે.' તો સામે પક્ષે મીનાક્ષી પણ સ્પષ્ટ કહે છે કે એણે પણ કોઈ અન્ય પુરુષને ચાહ્યો છે. જેથી પોતાના પર જબરદસ્તી ન કરે. વીરભૂપતિની પત્નીના રૂપમાં મીનાક્ષીને જોતા કુટ્ટન અંતે એને બહેનના રુપમાં સ્વીકારે છે. બીજી બાજુ વીરભૂપતિના મહેલની સામે ઉજવાતા સુંદરેશ્વરના કલ્યાણ મહોત્સવમાં આવેલી એકવીરા, વિરહિણી સત્યભામાની વેદનાને નૃત્યમાં પ્રગટ થતી જોઈ પોતાના પ્રથમ પ્રેમીના વિરહમાં વ્યગ્ર થઈ ઊઠે છે અને ત્યાંજ તેનું મિલન પણ વીરભૂપતિ સાથે થાય છે. આ મિલન વખતે એકવીરા સ્પર્શેંદ્રીયના સુખને અવર્ણ્ય-અસીમ રીતે માણે છે.

નવલકથાનાં અંતમાં રાજકાર્યમાંથી પાછો ફરેલ કુટ્ટન પોતાની પત્ની એકવીરાને મળવા અધીરો બને છે. એને મળવા જાય છે ત્યારે એકવીરા કહી દે છે: 'મારા શરીરનો એકેએક અણુ વીરભૂપતિના સ્પર્શનો અનુભવ કરી રહ્યો છે... હવે મારી કાયા અન્યનો સ્પર્શ સહન નહિ કરી શકે'. કુટ્ટન એકવીરાને આલિંગનમાં ભરી લે છે પણ એકવીરા વીરભૂપતિ સિવાય અન્યનો સ્પર્શ સહી શકતી નથી અને એના શરીરની ચેતના નષ્ટ પામે છે. આમ, કુટ્ટનનાં આલિંગનથી મૃત બનેલ એકવીરાનું શરીર છેવટે વેંગૈ નદીનાં પ્રવાહમાં પડે છે. ચાર પાત્રોની પરસ્પર અંગે ગૂંચવાયેલી પરિસ્થિતિમાંથી જન્મતી કરુણતાને આલેખતી આ ઐતિહાસિક નવલકથામાં પરસ્પર માટેની નિષ્ઠા અને પ્રગટ થતો આદર આ પ્રેમકથાને ગરવી ઉંચાઈએ મૂકે છે. વિપરિત લગ્નને લીધે બનેલા યુગલો લગ્નનું પાલન કરતા હોય છે કારણ કે ભારતીય દ્રષ્ટિએ એ જ ધર્મ છે, લગ્ન પછી જો સ્ત્રી પરપુરુષ કે પુરુષ પરસ્ત્રીની ઈચ્છા કરે તો ધર્મનું પતન જ કહેવાય. આ જટીલ અને સૂક્ષ્મ સમસ્યાને કેન્દ્રમાં રાખીને નવલકથાકારે પોતાની કથાનો વિસ્તાર કર્યો છે. આદર્શ અને યર્થાથતાનો માર્મિક સંઘર્ષ, માનવમનની પરિવર્તન પામતી કલ્પનાઓ, સ્ત્રીના હૃદયની આશા-અભિલાષાઓ, ધર્મ-અધર્મનું વાસ્તવિક સ્વરૂપ વગેરેનું સુંદર ચિત્રણ નવલકથામાં થયું છે. નવલકથાના ચાર મુખ્ય પાત્રો ચાર ખૂણાઓ છે. કુટ્ટનનાં શબ્દોમાં 'કથામંડપનાં ચાર સ્થંભ છે', જે સામસામે એકબીજાને મળવા-મેળવવા તડપતા રહે છે પણ મળી-મેળવી શકતા નથી. પૂર્વ પ્રેમના સંસ્મરણો સાથે લઈ બીજા સાથે લગ્ન કરતા પાત્રો અહીં ભારતીય ધર્મના નિયમ પ્રમાણે સાથે જીવવાની કોશિષ તો કરે છે પણ સુખી લગ્નજીવન જીવી શકતા નથી. યોવનકાળનાં ઉત્કૃષ્ટ પ્રેમના તંતુઓ એમના દામ્પત્યજીવનને છીન્નભિન્ન કરી નાખે છે. દામ્પત્યજીવનમાં અપેક્ષિત સુખો પામી શકતા નથી અને ત્યાં કૃતિમાં કરુણતા છવાય છે. વાચક પણ તીવ્ર ઉત્કટ પ્રેમ ધરાવતા પ્રેમીજનો પ્રત્યે અહોભાવ ધરાવતા થાય એવી કથાની માવજત નવલકથાકારે કરી છે.

**કેટલાંક તુલનાત્મક અવલોકનો**

- વિશ્વનાથ સત્યનારાયણ રચિત તેલુગુ ભાષાની કૃતિ 'એકવીરા' ૧૯૨૭માં પ્રકાશિત થઈ. જેનો ગુજરાતી અનુવાદ નવનીત મદ્રાસીએ ૧૯૯૪માં કર્યો. જ્યારે બીજી ગુજરાતી કૃતિ 'પ્રિયજન' ૧૯૮૦માં પ્રકાશિત થઈ જેના લેખક છે

શ્રી વિનેશ અંતાણી. અહીં એક વાત નોંધી લેવી આવશ્યક થશે કે આ બંને કૃતિઓના રચના સમયમાં પચાસેક (૫૦) વર્ષનો ગાળો છે.

- બંને નવલકથાનું વિષયવસ્તુ 'પ્રેમ' પર આધારિત છે. વિશેષ કરીને લગ્નજીવન પૂર્વેનો પ્રેમ. આ પૂર્વ પ્રેમના લીધે દામ્પત્યજીવનમાં કલેશ થાય છે તેનું ચિત્રણ 'એકવીરા' જેવી નવલકથામાં જોવા મળે છે. લગ્ન પૂર્વેના પ્રેમસંબંધોના સંસ્મરણો લઈ 'પ્રિયજન'માં ચારુ-નિકેત જીવે છે તો બીજી તરફ 'એકવીરા'માં એકવીરા-વીરભૂપતિ અને મીનાક્ષી-કુટ્ટન પણ લગ્નપૂર્વેનાં પ્રથમ પ્રેમનાં સ્મરણોમાં પોતાની જાતને ડુબેલી રાખે છે.
- 'પ્રિયજન' નવલકથાનાં મુખ્ય પાત્રો તરીકે નિકેત અને ચારુ છે. બીજા પાત્રો તરીકે ઉમા અને દિવાકરનું પાત્ર વિશેષ ધ્યાન ખેચનારા બન્યા છે. 'એકવીરા' નવલકથાનું મુખ્ય પાત્રો કુટ્ટન, એકવીરા, વીરભૂપતિ અને મીનાક્ષીનું પાત્ર આવે છે.
- બંને કૃતિની વિશેષતાઓ જોઈએ તો 'પ્રિયજન' નવલકથામાં પ્રણયત્રિકોણ બને છે. પ્રથમ પ્રણયત્રિકોણ નિકેત-ચારુ અને ઉમાનો તો બીજા પ્રણયત્રિકોણ નિકેત-ચારુ અને દિવાકરનો બને છે. મારા અભ્યાસની બીજી કૃતિ 'એકવીરા'માં આત્મધર્મથી જોડાયેલા બે યુગલો કુટ્ટન-મીનાક્ષી અને વીરભૂપતિ-એકવીરા તો છે પણ આ ચારે પાત્રો અરસપરસ એટલે કે કુટ્ટન-એકવીરા અને વીરભૂપતિ-મીનાક્ષી લોકધર્મથી પણ જોડાયેલાં છે.
- 'પ્રિયજન' નવલકથામાં મુખ્ય પ્રતીક તરીકે દરીયો આવે છે, જયારે 'એકવીરા' નવલકથામાં વેંગેં નદી પ્રતીકના રૂપમાં આવે છે.
- બે પ્રિયજનો વર્ષો પછી યુવાનીમાં મળ્યા હતા તે જ શહેરમાં ફરી ભેગા થયા ત્યાંથી 'પ્રિયજન' નવલકથાનો આરંભ થાય છે અને આ ભેગા થયેલા બંને પ્રિયજન ફરી છૂટા પટે છે ત્યાં નવલકથા પૂર્ણ થાય છે. બીજી કૃતિ 'એકવીરા'માં બે મિત્રો કુટ્ટન અને વીરભૂપતિ વેંગેં નદીને કાંઠે ભેગા થયા છે ત્યાંથી નવલકથા આરંભ થાય છે અને વેંગેં નદીને કિનારે સંન્યાસી બની ગયેલ વીરભૂપતિ અને કુટ્ટનનાં આલિંગનથી મૃત બનેલ એકવીરનાનું શરીર વેંગેં નદીમાં પડે ત્યાં નવલકથા પૂર્ણ થાય છે. બંને નવલકથાનો અંત કરુણ બને છે. બંને નવલકથાના પ્રિયજનો અકબીજાથી છૂટા પટે છે તેથી કૃતિમાં કરુણતા છવાય છે.
- બંને નવલકથાઓમાં નિરૂપાયેલો પ્રેમ શારીરિક વાસનાઓ અને વ્યભિચારથી પરે જઈ આત્મિક પ્રેમ તરફ ગતિ કરતો જાવા મળે છે.
- 'પ્રિયજન'માં કરુણતા તો છે પણ તેથી વધુ કરુણતા 'એકવીરા'માં સર્જાય છે. વિધિની વક્તા પણ 'એકવીરા' નવલકથામાં વધુ જોવા મળે છે. કારણ કે બે મિત્રો પોતાની પત્નીના રૂપમાં મિત્રની પૂર્વ પ્રેમિકાને પામે છે. આ રહસ્યની જાણ નવલકથાના વાચકોને તો છે જ પણ નવલકથાના પાત્રો ને પણ એની જાણ કૃતિના અંતે થાય છે ત્યારે વિકટ પરિસ્થિતિ ઊભી થાય છે.
- બંને કૃતિઓમાં સમયમાં વિભાજિત હૃદયો કેવી સંકુલ સંવેદના અનુભવે છે એનું ચિત્રણ થયું છે. બંને કૃતિનાં પાત્રો વર્તમાનની સાથે સાથે ભૂતકાળમાં પણ જીવે છે.
- 'પ્રિયજન'માં ચારુ-નિકેતા છૂટાં પડી પોતાના અલગ વિશ્વમાં પ્રવેશ કરે છે ત્યારે એકમેકની સ્મૃતિનો બોજ હૃદયમાં લઈને પ્રવેશે છે. કદાચ આ સ્મૃતિનો બોજ બંનેના દામ્પત્યજીવનને છિન્નભિન્ન કરી નાખત, પરંતુ આકસ્મિક રીતે જ બંનેનાં જીવનમાં યોગ્ય વ્યકિતઓ આવી. દિવાકર પોતાના ભરપૂર પ્રેમથી ચારુના જીવન પર છવાઈ જાય છે અને ઉમા નિકેતાના જીવનને પોતાના પ્રેમથી ભરી દે છે. 'એકવીરા'માં એવું બનતું નથી. પૂર્વ પ્રેમના એકમેકની સ્મૃતિના બોજને હૃદયમાં લઈને નવા વિશ્વમાં પ્રવેશેલ કુટ્ટન એની પત્ની એકવીરાને સ્વીકારી શકતો નથી. તે જ રીતે મીનાક્ષી પણ પોતાના પતિ વીરભૂપતિને પોતાના હૃદયમાં સ્વીકારી શકતી નથી. જયારે એકવીરા અને વીરભૂપતિ ભારતીય ધર્મના નિયમ પ્રમાણે પોતાના અનુક્રમે પતિ-પત્નીને સ્વીકારવા તૈયાર હોય છે.

- 'પ્રિયજન' અને 'એકવીરા' બંને નવલકથામાં લેખક શારીરિક પ્રેમ તરફથી આત્મિક પ્રેમ તરફ ગતિ કરતા પ્રેમનું નિરૂપણ કરે છે. પ્રેમ એ બે શરીરોના મિલનથી જ પરિપૂર્ણ કે સિદ્ધ થતો નથી પણ એથી પણ વિશેષ બે આત્માઓના મિલનથી સાચો પ્રેમ સિદ્ધ થાય. એ તરફ લેખકોનો ઢોળાવ જણાય છે.
- 'પ્રિયજન'માં ચારુ-નિકેતનો પ્રેમ દરિયાકિનારે જ ઊગ્યો, પાંગર્યો ને વિસ્તર્યો તેથી એ નિ:સીમ બની શકયો, પૌઢ બની શકયો જયારે 'એકવીરા'માં કુટ્ટન-મીનાક્ષી અને વીરભૂપતિ-એકવીરાનો પ્રેમ ઉગી, પાંગરી ને વિસ્તરે તો છે, દરિયાની જેમ નિ:સીમ ને પૌઢ પણ કદાચ બને છે પણ તે દામ્પત્યજીવનના ભોગે.

આમ 'પ્રિયજન' અને 'એકવીરા' નવલકથા પ્રિયજનોની કથા છે. એકમેક માટે ઝૂરતા, તડપતા, વિરહ અનુભવતા પાત્રોની કથા બંને કૃતિમાં આલેખનનો વિષય બની છે. આ પ્રેમ સંબંધના કારણે કોઈકનું દામ્પત્યજીવન તુટે પણ છે તો કોઈકને સારા પાત્રો પતિ કે પત્નીના રૂપમાં મળતા એમનું દામ્પત્યજીવન સુખી અને સમૃદ્ધ પણ બની રહે છે. બંને કૃતિઓ વાચકો-ભાવકો પર પોતાની ઊંડી છાપ છોડી જાય છે.